# ધોરણ-12
# વિષય : સમાજશાસ્ત્ર

| **એકમ/પ્રકરણ** | **અધ્યયન નિષ્પત્તિ** | **પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયમાં ઉમેરવાની બાબતો** |
|---|---|---|
| 1. ભારતનું વસ્તી વૈવિધ્ય અને રાષ્ટ્રીય એકતા | SOC1207, SOC1208, SOC1223 | |
| 2. ભારતીય સંસ્કૃતિ અને સમુદાય | SOC1212, SOC1201, SOC1224, SOC1239 | |
| 3. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અને પછાત વર્ગો | SOC1211, SOC1212, SOC121 SOC1222 | |
| 4. સ્ત્રી-સશક્તિકરણ | SOC1237 | |
| 5. પરિવર્તનની સામાજિક સાંસ્કૃતિક પ્રક્રિયાઓ | SOC1229, SOC1238 SOC1219 | |
| 6. સમૂહ-સંચારનાં માધ્યમો અને સમાજ | SOC1240, SOC1238 | |
| 7. સામાજિક આંદોલન | SOC1236, SOC1241, SOC1228, SOC1236, SOC1235 | |
| 8. ભારતમાં પંચાયતી રાજ | SOC1231 | |
| 9. સામાજિક ધોરણભંગ, બાળ અપરાધ અને યુવા અજંપો | | |
| 10. સામાજિક સમસ્યાઓ | | |

નીચેની ધોરણ-12 ની કેટલીક અધ્યયન નિષ્પત્તિઓ એકપણ પ્રકરણમાં સમાવેશ કરી શકાય તેમ નથી.

- ધોરણ-12 ની અધ્યયન નિષ્પતીઓ :

SOC1202, SOC1203, SOC1204
SOC1205, SOC1206, SOC1209
SOC1210, SOC1213, SOC1204
SOC1215, SOC1216, SOC1217
SOC1220, SOC1225, SOC1226
SOC1227, SOC1230, SOC1232
SOC1233, SOC1234,

# ધોરણ-11
## વિષય : સમાજશાસ્ત્ર

| એકમ/પ્રકરણ | અધ્યયન નિષ્પત્તિ | પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયમાં ઉમેરવાની બાબતો |
|---|---|---|
| 1 સમાજ શાસ્ત્ર પરિચય | SOC1103, SOC1104, SOC1114, SOC1115, SOC1116, SOC1117 | |
| 2 સમાજશાસ્ત્રના મૂળભૂત ખ્યાલો (વિભાવના) | SOC1105, SOC1101 | |
| ૩ સામાજિક વ્યવસ્થા અને સામાજિક રચનાતંત્ર | - | |
| 4 સામાજિક પ્રક્રિયાઓ અને સામાજિક પરિવર્તન | SOC1111, SOC1112 | |
| 5 સંસ્કૃતિ અને સામાજિકીકરણ | SOC1108, SOC1109 | |
| 6 ભારતની મૂળભૂત અને સમાજિક સંસ્થાઓ | SOC1106, SOC1101 | |
| 7 સામાજશાસ્ત્રીય સંશોધન પદ્ધતિઓ | - | |
| 8 પર્યાવરણ અને સમાજ | SOC1101 | |

નીચેની ધોરણ-11 ની કેટલીક અધ્યયન નિષ્પત્તિઓ એકપણ પ્રકરણમાં સમાવેશ કરી શકાય તેમ નથી.

- ધોરણ-11 ની અધ્યયન નિષ્પત્તીઓ :

  SOC1102, SOC1107, SOC1110
  SOC1113, SOC1118, SOC1119
  SOC1120,

# ધોરણ 11-12 સમાજશાસ્ત્ર અધ્યયન નિષ્પત્તિ

**પરિચય :**

સમાજશાસ્ત્ર ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના સ્તરે એક વૈકલ્પિક વિષય તરીકે રજૂ કરાયો છે. આ શાખાના વિષયો એવી રીતે પસંદ કરાયા છે જેથી વિદ્યાર્થીઓ તેમનાં રોજિંદા જીવનમાં જે વસ્તુઓ જુએ છે અને સાંભળે છે તે અંગે પ્રતિક્રિયા આપી શકે. આમ, સમાજશાસ્ત્ર વિદ્યાર્થીઓને સમાજને સમગ્ર રીતે સમજવામાં મદદ કરે છે અને સમાજમાં જે વિવિધ સામાજિક ક્રિયાઓ થાય છે તેના અંગે વ્યાપક વિશ્લેષણ કરવામાં અને સમજ કેળવવામાં મદદ કરે છે. સમાજશાસ્ત્ર સમાજ સાથેના અંગત સંબંધોને ગાઢ કરવાની પ્રક્રિયા અને સંલગ્ન પ્રક્રિયાઓ સ્વ-પ્રતિબિંબને પ્રોત્સાહન આપે છે, સાથે જ તેની સમજ કેળવીને અને તેમાં સંકળાઈને સમાજને એક કરે છે. સમાજશાસ્ત્રનો અભ્યાસક્રમ એવી રીતે તૈયાર કરવામાં આવ્યો છે, જે વિદ્યાર્થીને તમામ જટિલતાઓ અને અભિવ્યક્તિઓમાં માનવ વર્તનની ગતિશીલતાને સમજવામાં મદદ કરે છે.

સમાજશાસ્ત્રનો અભ્યાસ વિદ્યાર્થીઓને માનવ સમાજને એક સંપૂર્ણ રીતે એકબીજા સાથે જોડાયેલા હોવાના વલણનો અભ્યાસ કરવામાં મદદ કરે છે અને એક શાખા તરીકે સમાજશાસ્ત્રના ઉદ્‌ભવ અને વિકાસને સમજવામાં મદદ કરે છે. અભ્યાસ કરતા સમયે વિદ્યાર્થી સમાજશાસ્ત્રના મહત્ત્વને જાણે છે, તેને માન્યતા આપે છે, તેનાં સિદ્ધાંતો અને ખ્યાલો વિશે સમજ કેળવે છે. સમાજશાસ્ત્ર વિદ્યાર્થીને સમાજ સંબંધી વિવિધ અભ્યાસો સાથે સંકળાયેલા જુદા-જુદા ખ્યાલોને એકબીજા સાથે સાંકળવા અને તેમનું વિશ્લેષણ કરવા, તેમને માન્યતા આપવા અને સમજવામાં મદદ કરે છે. સમાજશાસ્ત્રનો અભ્યાસ વિદ્યાર્થીને ભારતમાં સમાજશાસ્ત્રના વિકાસ અને સંભાવના (ખાસ કરીને સમકાલીન ભારતીય સમાજ)ને સમજવામાં પણ મદદ કરે છે. આ સાથે જ માનવશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર પરસ્પરાવલંબી હોવાને કારણે તેની સમજ કેળવે છે. સમાજશાસ્ત્ર વિદ્યાર્થીને તેના સંબંધિત વિવિધ દૃષ્ટિકોણ અને વિચારોને સમજવા અને તેની પ્રસંશા કરવામાં મદદરૂપ બને છે, અને તેના બહુવિધ, બહુ-સાંસ્કૃતિક, ન્યાયી અને સ્વસ્થ સમાજના મહત્ત્વને સમજાવે છે.

**અભ્યાસક્રમની અપેક્ષાઓ :**

**આ તબક્કે વિદ્યાર્થીઓ પાસે અપેક્ષા રાખવામાં આવે છે કે...**

- વર્ગખંડમાં તેમને જે અભ્યાસ કરાવવામાં આવે તેને બહારના પર્યાવરણ સાથે સાંકળે.
- સમાજશાસ્ત્રના પાયાના ખ્યાલોને સમજે, જેથી તેઓ તેને સામાજિક જીવનનું નિરીક્ષણ અને અર્થઘટન કરવા સાથે સાંકળી શકે.
- સમાજશાસ્ત્રના ઉદ્‌ભવને સમજે.
- સામાજિક પ્રક્રિયાઓની જટિલતા બાબતે જાગૃત બને.
- સામાજિક સંસ્થાઓની સંકલ્પનાને સમજે.
- ભારતીય સમાજની વિવિધતા અને વિશ્વમાં રહેલી વિશાળ વિવિધતાની પ્રશંસા કરે.
- સમકાલીન ભારતીય સમાજમાં આવેલાં પરિવર્તનો સમજે અને તેમનું વિશ્લેષણ કરે.
- વિવિધ દૃષ્ટિકોણ અને વિચારોને સમજે અને તેમની પ્રશંસા કરે, સાથે જ એક બહુવિધ અને બહુસાંસ્કૃતિક સમાજના નિર્માણમાં તેમનાં મહત્ત્વને સમજે.
- સમાન અને ન્યાયી સમાજના મહત્ત્વ અને જરૂરિયાતને સમજે.

# ધોરણ-11 : સમાજશાસ્ત્ર

<table>
<tr><th>સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા</th><th>ક્રમ</th><th>અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes)</th></tr>
<tr><td rowspan="6">વિદ્યાર્થીઓને વ્યક્તિગત રીતે કે સમૂહમાં તક આપી શકાય અને તેમને પ્રોત્સાહિત કરવા જોઈએ. દા.ત.<br>● જે વ્યવસાય કરવાની ઈચ્છા હોય તેની એક યાદી તૈયાર કરો અને પોતાની કારકિર્દી નક્કી કરવા માટે અને સખત મહેનત કરવા માટે વિદ્યાર્થીઓએ શું કરવું જોઈએ તે અંગેનાં સૂચનો લખો. ઈચ્છિત નોકરી મેળવવા માટે સખત મહેનત કરવી જરૂરી કે કેમ તે અંગે ચર્ચા કરો.<br>● વિવિધ સ્રોત વાંચો અને સમાજનાં વિવિધ પરિણામો અંગે ચર્ચા કરો.<br>● ઔદ્યોગિક ક્રાંતિ વિશે વાંચો અને તેના પર ચર્ચા કરો, સાથે જ તેમના વચ્ચેની કડીને સ્થાપવાનો પ્રયાસ કરો.<br>● કૃષિ આધારિત દસ્તાવેજી ફિલ્મો નિહાળો અને તેના આધારે સમાજના સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક અને રાજકીય પાસાઓ વચ્ચેના આંતર-સંબંધ અંગે ચર્ચા કરો.<br>● વિવિધ દસ્તાવેજો આધારિત સ્રોતો વાંચો અને સમાજના વિવિધ પ્રકારોનું વિશ્લેષણ કરો. તેઓની વચ્ચે રહેલી અસમાનતાઓ અને સમાજ વચ્ચેની અસમાનતાઓને ઓળખાવો.<br>● સામાન્ય જ્ઞાન અને સમાજશાસ્ત્રીય સમજ વચ્ચેના તફાવત વિશે ચર્ચા કરાવો અને લખાવો.<br>● સમાજ સામાજિક સમૂહ, સામાજિક-સ્તર, દરજ્જો, ભૂમિકા અને સામાજિક નિયંત્રણનાં વિવિધ ખ્યાલો સાથે પરિચય કેળવો.<br>● બી.આર.આંબેડકર, એલેક્સ હેલી, રવીન્દ્રનાથ ટાગોર અને અન્ય પ્રતિષ્ઠિત વ્યક્તિઓનાં લખાણ અંગેની જાણકારી મેળવો.</td><td>SOC1101</td><td>વિદ્યાર્થી વિવિધ ખ્યાલોને સમજે છે. માન્યતા આપે છે. આંતર સંબંધ સ્થાપે છે અને વિશ્લેષણ કરે છે. ઉદાહરણ તરીકે - વર્ગખંડમાં અન્ય વિદ્યાર્થી સાથે મિત્રસંબંધ.</td></tr>
<tr><td>SOC1102</td><td>સમાજશાસ્ત્રનો અભ્યાસ વ્યક્તિગત પ્રશ્ન સમસ્યા અને સામાજિક સમસ્યા વચ્ચેના સંબંધ પર પ્રતિક્રિયા આપે છે.</td></tr>
<tr><td>SOC1103</td><td>સમાજશાસ્ત્ર માનવસમાજના એકબીજા સાથેના સમગ્ર સંબંધોનો અભ્યાસ કરે છે. અને એક શાખા તરીકે સમાજશાસ્ત્રના વિકાસનો અભ્યાસ કરે છે.</td></tr>
<tr><td>SOC1104</td><td>ભારતમાં સમાજશાસ્ત્રનો ઉદ્ભવ અને સંભાવનાનો સામાજિક વિજ્ઞાન સાથેનો સંબંધ સમજે છે. ઉદાહરણ તરીકે સમાજશાસ્ત્રનો માનવશાસ્ત્ર સાથેનો સંબંધ<br>સમાજશાસ્ત્રનો મનોવિજ્ઞાન સાથેનો સંબંધ.<br>સમાજશાસ્ત્રનો અર્થશાસ્ત્ર સાથેનો સંબંધ.<br>સમાજશાસ્ત્રનો રાજ્યશાસ્ત્ર સાથેનો સંબંધ.<br>સમાજનો ખ્યાલ અને કેવી રીતે સમાજ તેમના પ્રકારની દૃષ્ટિએ એકબીજાથી અલગ છે. તે સમજે છે.</td></tr>
<tr><td>SOC1105</td><td>સમાજશાસ્ત્રના એક ખ્યાલ તરીકેના સિદ્ધાંતોને માન્યતા આપે છે અને સામાજિક મહત્વને સમજે છે.<br>ઉદાહરણ તરીકે - વસતીવધારો અને વસતી ઘટાડાનું વિશ્લેષણ કરે છે. સમાજની વિભાવના, જુદા જુદા પ્રકારના સમુદાયો, સામાજિક સ્તરીકરણ, જાતિ અને વર્ગ, દરજ્જો (સ્થિતિ) ભૂમિકા અને બિબાંઢાળ ભૂમિકા, સમાજ અને સામાજિક નિયંત્રણને સમજે છે.</td></tr>
<tr><td>SOC1106</td><td>સામાજિક સંસ્થાનો ખ્યાલ, એક સામાજિક સંસ્થા તરીકે કુટુંબ, બીજાં સામાજિક પાસાંઓ (વાતાવરણ) લગ્ન અને લગ્નનું સ્વરૂપ, લગ્નના નિયમો (ધોરણો) અને સગપણ સાથે પરિવાર કેવી રીતે જોડાયેલો છે. તેનું વિગતે વર્ણન કરે છે.<br>ઉદાહરણ તરીકે સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબનો ભેદ દર્શાવે છે.<br>એકસાથી અને બહુસાથી લગ્ન વચ્ચેનો તફાવત પરિહાસ અને પરિહાર સંબંધ દર્શાવે છે.</td></tr>
</table>

# ધોરણ-11 : સમાજશાસ્ત્ર

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| ● એક નિશ્ચિત ભૂમિકા અંગે ચર્ચા કરો અને તમારા જીવન પર તેની અસરો અંગે લખાવો.<br>● સામાજિક સંસ્થા અંગે વાંચો અને ત્યાર પછી 70, 80 અને 2010ના દાયકાની ફિલ્મો નિહાળો. તેના આધારે પરિવારનો પ્રકાર અને પારિવારિક સંબંધોના અન્ય સામાજિક પાસાંમાં થયેલાં પરિવર્તનોનું વિશ્લેષણ કરાવો.<br>● કાર્ય વિતરણનાં વિવિધ પ્રકારોનો પરિચય મેળવો, પરંપરાગત અને આધુનિક કાર્યો અંગે માહિતી મેળવો. જાતિની દૃષ્ટિએ આ પ્રકારોનું વિશ્લેષણ કરાવો.<br>● સંસ્થાઓ, રાજ્યો, ધર્મ અને શિક્ષણ વિશે અભ્યાસ કરાવવો. તેમનાં અંગે ચર્ચા કરાવો અને તેમની વચ્ચેના સંબંધો અને તેમના એકબીજા પર રહેલા આધાર અંગે લખાવો.<br>● ભારતના વિવિધ રાજ્યોની વિવિધ સંસ્કૃતિક બાબતો વિશે માહિતી એકઠી કરાવો. ભારતીય સંસ્કૃતિની વિવિધતા પાછળનાં કારણો અંગે ચર્ચા કરાવો.<br>● ભારતનાં વિવિધ રાજ્યોની સાંસ્કૃતિક વસ્તુઓને એકઠી કરાવી. ભારતીય સાંસ્કૃતિની વિવિધતા પાછળનાં કારણો શોધાવો.<br>● નૃવંશ કેન્દ્રવાદની સંકલ્પનાનો પરિચય કેળવો.<br>● સામાજિકીકરણ, સામાજિકીકરણની સંસ્થાઓ અને વ્યક્તિના જીવન પર તેની અસરો વિશે જાણકારી મેળવી ચર્ચા કરાવો.<br>● સામાજિકીકરણના જાતિગત પ્રકાર અંગે ચર્ચા કરો.<br>● સામાજિક માળખું, સ્તરીકરણ, સામાજિક પ્રક્રિયા, સહકાર અને સંઘર્ષના અર્થ સમજાવવા.<br>● એક વિચાર અને વ્યવહારૂતા તરીકે હરિફાઈ અંગે ચર્ચા કરાવવી. | SOC1107 | કાર્યનો ખ્યાલ અને આર્થિક જીવન, કાર્યના આધુનિક સ્વરૂપો અને મજૂરોનું વર્ગીકરણ કરે છે. |
| | SOC1108 | સામાજિક સંસ્થાઓ તરીકે રાજકીય સંસ્થાઓ, રાજ્ય ધર્મ અને શિક્ષણ અંગે સમજ કેળવે છે.<br>સંસ્કૃતિ અને સમાજીકરણ, વિવિધ રચનાઓ, વિવિધ સંસ્કૃતિઓ, સંસ્કૃતિઓનાં પરિમાણો, સંસ્કૃતિનાં જ્ઞાનાત્મક અને આદર્શ પાસાં, સંસ્કૃતિનાં ભૌતિક પાસાં અને ઓળખ અને નૃવંશ કેન્દ્રવાદ વિશે વિગતવાર દર્શાવે છે.<br>ઉદાહરણ તરીકે ભૌતિક સંસ્કૃતિ અને અભૌતિક સંસ્કૃતિના પ્રકારો દર્શાવે છે. |
| | SOC1109 | સમાજીકરણ, સામાજિકરણની સંસ્થાઓ - કુટુંબ, સમવયસ્ક જૂથ, શાળા, સમૂહસંચાર માધ્યમો, અન્ય સમાજીકરણ કરતી એજન્સીઓ (સંસ્થાઓ) સમાજીકરણ અને વ્યક્તિગત સ્વતંત્રતા, જાતિગત સમાજીકરણ અંગે સમજે છે. |
| | SOC1110 | સામાજિક માળખું, સ્તરીકરણ અને સામાજિક પ્રક્રિયા સામાજિક માળખું અને સ્તરીકરણની સ્પષ્ટતા કરે છે. |
| | SOC1111 | સમાજશાસ્ત્રમાં સામાજિક પ્રક્રિયા, કામનું વિભાજન અને સહકાર એક વિચાર અને પ્રથા તરીકે હરિફાઈ (સ્પર્ધા) સંઘર્ષ અને સહકારની વિભાવનાઓ સ્પષ્ટ કરે છે.<br>ઉદાહરણ તરીકે રમતની ટીમમાં ભાગ લેતા વિદ્યાર્થીઓનું વર્તન - સહકાર, ધર્મના આધારે પરસ્પર થતાં ઝઘડાનાં જૂથોનું વર્તન - સંઘર્ષ સમજે છે.<br>વર્ગમાં પ્રથમક્રમે પાસ થવા મથતાં વિદ્યાર્થીનું વર્તન સ્પર્ધાને સમજે છે.<br>જમીન - તકરાર દર્શાવે છે. ઉદાહરણ તરીકે જમીન માલિક, ગણોતીયા વચ્ચેનો તકરાર. |

# ધોરણ-11 : સમાજશાસ્ત્ર

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| • ભારતમાં જમીન તકરારના સંદર્ભો અને કારણો ઓળખાવવા.<br>• ગ્રામીણ અને શહેરી સમાજમાં રાજકીય, પર્યાવરણીય, તકનીકી અને આર્થિક બાબતોને આધારે સામાજિક ક્રમ અને સામાજિક પરિવર્તનનો અભ્યાસ કરાવવો.<br>• હરિફાઈ, અપરાધ અને હિંસા અંગે ચર્ચા કરો અને તેના વિશે લખાવવું.<br>• ફ્રાન્સની ક્રાંતિ અંગે અભ્યાસ કરાવવો.<br>• વર્ગ સંઘર્ષ અંગે કાર્લ માર્ક્સના વિચારો અને એમિલ દુર્ખાઈમ સામાજિક દૃષ્ટિકોણ વિશે અભ્યાસ કરાવો.<br>• મેક્સ વેબરના સમાજશાસ્ત્ર અર્થઘટન અંગેના વિચારોનો અભ્યાસ કરાવવો.<br>• અમલદારશાહી અંગે ચર્ચા કરાવો અને લખાવો.<br>• જાતિ અને જ્ઞાતિ (વર્ણ) અંગે ડૉ. ધૂર્યેનાં કાર્યો, પરંપરા અને પરિવર્તન અંગે ડી.પી. મુખર્જીનાં કાર્યો, રાજ્ય અંગે એ.આર.દેસાઈનાં વિચારો, અને ગામડાં અંગે એમ.એન. શ્રીનિવાસનાં કાર્યો વિશે જાણકારી | SOC1112 | ગ્રામીણ અને શહેરી સમાજમાં સામાજિક પરિવર્તન અને સામાજિક વ્યવસ્થા, સામાજિક પરિવર્તન, પર્યાવરણ, તકનિકી, આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક, સામાજિક વ્યવસ્થા હરિફાઈ, અપરાધ અને હિંસાનું વિગતે વર્ણન કરે છે. |
| | SOC1113 | ગામડું અને શહેરમાં સામાજિક વ્યવસ્થા અને પરિવર્તન વિશે સમજ ધરાવે છે.<br>ઉદાહરણ તરીકે ગામ અને શહેર વચ્ચેનો તફાવતનું વર્ણન કરે છે. ગામ અને શહેરી વ્યવસ્થામાં આવેલા પરિવર્તનો દર્શાવે છે. |
| | SOC1114 | પશ્ચિમ સમાજશાસ્ત્રીઓ, બોધ, ફ્રાંસની ક્રાંતિ, ઔદ્યોગિક ક્રાંતિની માહિતી આપે છે.<br>કાર્લ માર્ક્સ અને વર્ગ સંઘર્ષના ખ્યાલની સમજ ધરાવે છે. ઉદાહરણ તરીકે - આર્થિક વ્યવસ્થાને આધારે બે વર્ગો વચ્ચેનો સંઘર્ષ<br>દા.ત. - માલિક અને મજૂર વચ્ચેનો સંઘર્ષ સમજે છે. |
| | SOC1115 | ઈમાઈલ દુર્ખિમનો સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણ, સમાજમાં શ્રમવિભાજન કરે છે. |
| | SOC1116 | મેક્સ વેબરનું - અમલદારશાહીનું સમાજશાસ્ત્રીય અર્થઘટન કરે છે. |
| | SOC1117 | ભારતીય સમાજશાસ્ત્રીઓ : જાતિ અને જ્ઞાતિ (વર્ણ) અંગે ડૉ. જી.એસ.ધુર્યેનાં કાર્યો વર્ણવે છે. |
| | SOC1118 | પરંપરા અને પરિવર્તન અંગે ડી.પી.મુખર્જીના કાર્યો વર્ણવે છે. |
| | SOC1119 | રાજ્ય અંગે - આર.દેસાઈનાં કાર્યો વર્ણવે છે. |
| | SOC1120 | ગામડાં અંગે - એમ.એન.શ્રીનિવાસના ખ્યાલને વર્ણવે છે. |

# ધોરણ-12 : સમાજશાસ્ત્ર

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| **વિદ્યાર્થીઓને વ્યક્તિગત રીતે કે સમૂહમાં તક આપી શકાય અને તેમને પ્રોત્સાહિત કરવા જોઈએ. દા.ત.** | SOC1201 | વિદ્યાર્થીઓ વિવિધ ખ્યાલોને સમજે છે. માન્યતા આપે છે. આંતર સંબંધ સ્થાપે છે અને વિશ્લેષણ કરે છે. |
| ● સ્વયં-પ્રતિક્રિયા અંગે ચર્ચા કરાવી લખાવવું. | SOC1202 | સમાજશાસ્ત્રનો અભ્યાસ કેવી રીતે સ્વયં પ્રતિક્રિયાને શક્ય બનાવ છે. તે સમજે છે. |
| ● ભારતમાં સંસ્થાનવાદ અને રાષ્ટ્રવાદનાં પરિમાણો અંગેના વિવિધ સ્રોતનો અભ્યાસ કરાવવો, ચર્ચા કરાવવી. | SOC1203 | ભારતમાં સંસ્થાનવાદ અને રાષ્ટ્રવાદને સમજે છે. |
| | SOC1204 | સામાજિક વસતીશાસ્ત્ર માહિતી અને સમાજશાસ્ત્રમાં તેનું મહત્વ જણાવે છે.<br>અથવા |
| ● સામાજિક વસતીવિષયક વિગતો અંગે અભ્યાસ અને સમાજશાસ્ત્રમાં તેના મહત્વ વિશે ચર્ચા કરાવવી. | SOC1205 | સામાજિક વસતીશાસ્ત્ર અને સમાજમાં તેનું મહત્વ જણાવે છે. |
| ● વસતીવિષયક માહિતી અંગેના સિદ્ધાંતોના વિવિધ સ્રોત અંગે અભ્યાસ કરાવવો. | SOC1206 | વસતીવધારા અંગે માલ્થુસિયસનો સિદ્ધાંત વર્ણવે છે. |
| ● ભારતમાં વસતી ગણતરી અંગેના અહેવાલો અને તેનો વિસ્તૃત અભ્યાસ કરાવવો.<br>● કૃષિ આધારિત દસ્તાવેજી ફિલ્મો નિહાળો અને તેના આધારે ગ્રામીણ અને શહેરી સમાજ વચ્ચેના આંતરસંબંધો અને ભેદ અંગે ચર્ચા કરાવો. | SOC1207 | વસતીવિષયક સંક્રાંતિનો સિદ્ધાંતને સમજે છે.<br>વસતી સંબંધિત સામાન્ય વિભાવના અને સૂચકો, ભારતમાં વસતીની સંખ્યા અને વૃદ્ધિદર, ભારતીય વસતીનું આયુષ્ય માળખું, ભારતમાં ઘટતા જતા જાતિ પ્રમાણદરનું વિશ્લેષણ કરે છે. ઉદાહરણ તરીકે પુરૂષોની તુલનામાં સ્ત્રીઓનું પ્રમાણની માહિતી આપે છે. |
| ● સમાજના વિવિધ પ્રકારો અંગેના દસ્તાવેજી સ્રોત વાંચો અને તેમનું વિશ્લેષણ કરાવો. સમાજોની અંદર અને સમાજો વચ્ચે રહેલી અસમાનતાઓને ઓળખાવો.<br>● પરંપરાગત અને આધુનિક સમાજમાં જાતિપ્રથા અંગે ચર્ચા કરાવો અને તેના તફાવતો લખાવો. | SOC1208 | સાક્ષરતા, ગ્રામીણ, શહેરી તફાવત અને ભારતમાં વસતી નીતિનું વિશ્લેષણ કરે છે. ઉદાહરણ તરીકે - ભારતમાં અને ગુજરાતમાં સાક્ષરતાનો દર. ભારતમાં અને ગુજરાતમાં ગ્રામીણ વસતી, શહેરી વસતી પ્રમાણનો ભેદ પાડે છે. |
| ● આદિવાસી સમાજ વિષેની વિવિધ સંકલ્પનાઓ રાષ્ટ્રીય વિકાસ વિરૂદ્ધ આદિવાસી વિકાસ અને આદિવાસી ઓળખ વિશે પરિચય કરાવો. | SOC1209 | સમાજશાસ્ત્રના એક ખ્યાલ તરીકે તેનાં સિદ્ધાંતો અને સંકલ્પનાઓને ઓળખે છે અને સામાજિક સમાજને મહત્વ સમજે છે. |
| ● કુટુંબ અને સંબંધોની વિભાવનાઓ વિશે સમૂહમાં ચર્ચા કરાવો અને તેમના વિશે લખાવો.<br>● બજારની સંકલ્પના સાથે પરિચય કરાવો અને બજાર અને અર્થતંત્ર પર સામાજિક પરિપ્રેક્ષ્ય સંબંધી ચર્ચા કરાવો. | SOC1210 | જાતિવ્યવસ્થાનો ખ્યાલ, ભૂતકાળમાં જાતિ વ્યવસ્થા, સંસ્થાનવાદ અને જાતિ, વર્તમાન સમાજમાં જાતિ વ્યવસ્થાની સમજ ધરાવે છે.<br>ઉદાહરણ તરીકે ભારતની આદિજાતિઓનું વર્ગીકરણ કરે છે. |
| | SOC1211 | વર્તમાન સમાજમાં જાતિવ્યવસ્થા તરીકે SC, ST, OBC ને અલગ અલગ તારવે છે. |
| ● જાતિ આધારિત બજાર, વ્યાપારિક માળખું અને ભારતમાં વ્યાપારિક સમુદાયો અંગેનાં પુસ્તકો અને સાહિત્યનો અભ્યાસ કરાવો. | SOC1212 | આદિવાસી સમુદાયો, આદિવાસી સમાજનું વર્ગીકરણ, આદિવાસીઓ પ્રત્યે મુખ્યધારાનું વલણ, રાષ્ટ્રીય વિકાસ વિરૂદ્ધ આદિવાસી વિકાસ, આદિવાસી ઓળખને સમજે છે. |

# ધોરણ-12 : સમાજશાસ્ત્ર

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| ● ભારતમાં ઉદ્‌ભવી રહેલાં નવાં બજારો અને બજારનાં બદલાતાં સ્વરૂપો અંગે ચર્ચા કરો. સાથે જ તેની સમાજ અને લોકોની જીવનશૈલી પર થતી અસરો અંગે પણ ચર્ચા કરાવો.<br>● મૂડીવાદ, ચીજવસ્તુઓ અને વપરાશ અંગે અભ્યાસ કરાવો. તેમનાં એકબીજા વચ્ચેના સંબંધો અને પરસ્પરાવલંબન અંગે ચર્ચા કરાવો.<br>● ભારતમાં વૈશ્વિકીકરણ અને ઉદારીકરણની પ્રક્રિયા અંગેની માહિતી એકઠી કરાવો. બજારના વિવિધ પ્રકારો પર વૈશ્વિકીકરણની અસરો અંગે ચર્ચા કરાવો.<br>● સામાજિક અસમાનતા અને અસ્પૃશ્યતા અંગે વાંચો તથા ચર્ચા કરાવો. આ અસમાનતા પાછળનાં કારણો શોધાવો.<br>● જાતિ અને આદિજાતિની સંકલ્પના સાથે પરિચય કેળવો. અસ્પૃશ્યતા વિશે ચર્ચા કરાવો. જાતિ આધારિત ભેદભાવોના સમાધાન માટે રાજ્યો દ્વારા લેવામાં આવેલા પગલાં અંગે ચર્ચા કરાવો.<br>● ભારતમાં અધિકારો માટે થયેલા વિવિધ સંઘર્ષો અંગે વાંચો અને ચર્ચા કરો.<br>● સાંસ્કૃતિ વિવિધતા સામે રહેલા પડકારો અંગે ચર્ચા કરો અને સામુદાયિક ઓળખનું મહત્ત્વ જણાવો.<br>● પ્રદેશવાદ, ધર્મ, રાષ્ટ્રનિર્માણ, કોમવાદ, ધર્મનિરપેક્ષતા અને નાગરિક સમાજ વગેરે શબ્દોનાં અર્થ સમજો.<br>● પ્રોજેક્ટ કાર્ય માટે સંશોધનની વિવિધ પદ્ધતિઓ અંગે ચર્ચા કરો.<br>● ભારતમાં માળખાગત પરિવર્તન, શહેરીકરણ અને ઔદ્યોગિકીકરણનો અભ્યાસ કરો.<br>● સાંસ્કૃતિક પરિવર્તન અંગે ચર્ચા કરો અને તેના વિશે લખો.<br>● 19મી અને 20મી સદીમાં થયેલી સામાજિક સુધારણા સંબંધિત ચળવળોનો અભ્યાસ કરો.<br>● સામાજિક પરિવર્તનનાં સંદર્ભમાં સાંસ્કૃતિકીકરણ, આધુનિકીકરણ, ધર્મનિરપેક્ષીકરણ અને પશ્ચિમીકરણનો અભ્યાસ કરો. | | ઉદાહરણ - ગુજરાતની વિવિધ આદિવાસીઓની જાતી ઓળખી શકે છે. |
| | SOC1213 | કુટુંબ અને સંબંધોની વિભાવના, સંયુક્ત કુટુંબ, વિભક્ત કુટુંબનાં પ્રકારો પાડી શકે છે.<br>ઉદાહરણ તરીકે - માતૃસત્તાક અને પિતૃસત્તાક કુટુંબ વચ્ચેનો તફાવત સમજે છે. |
| | SOC1214 | સામાજિક સંસ્થા તરીકે બજારનો ખ્યાલ, બજાર અને અર્થતંત્ર પરનો સામાજિક દૃષ્ટિકોણ સમજે છે. |
| | SOC1215 | ભારતમાં વસાહતીકરણ પહેલા અને વસાહતીકરણ દરમિયાન જાતિ આધારિત બજારો અને વ્યાપારી માળખું, બજારોનું સામાજિક સંગઠન, પરંપરાગત વ્યાપારી સમુદાયો, સંસ્થાનવાદ અને નવા બજારોનો ઉદયનું વર્ણન કરી શકે છે.<br>ઉદાહરણ તરીકે આદિવાસી હાટ બજાર અને આધુનિક મોલ વચ્ચેનો તફાવત દર્શાવે છે. |
| | SOC1216 | સામાજિક વ્યવસ્થા ચીજ વસ્તુઓ અને વપરાશમાં મૂડીવાદનો અર્થ દર્શાવે છે.<br>ઉદાહરણ તરીકે મેક્સવેબરનો મુડીવાદ અંગેનો ખ્યાલ, પ્રોટેસ્ટન્ટ ધર્મ અંગેનો વિચાર સમજી શકે છે. |
| | SOC1217 | સામાજિક વ્યવસ્થા ચીજ વસ્તુઓ અને વપરાશમાં મૂડીવાદનો અર્થ દર્શાવે છે.<br>ઉદાહરણ તરીકે - મેક્સવેબરનો મુડીવાદ અંગેનો ખ્યાલ, પ્રોટેસ્ટન્ટ ધર્મ અંગેનો વિચાર સમજી શકે છે. |
| | SOC1218 | વૈશ્વિકીકરણ - સ્થાનિક, પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બજારો વચ્ચેના આંતર જોડાણો, વર્ચ્યુઅલ બજાર ઉદાહરણ તરીકે વૈશ્વિકીકરણની પ્રક્રિયા, ઓનલાઈન ખરીદી વેચાણની માહિતી આપે છે. |
| | SOC1219 | ઉદારીકરણનો અર્થ સમજે છે. ઉદાહરણ તરીકે ભારતની ઉદારીકરણની નીતિનું વિગતવાર વર્ણન કરે છે. |
| | SOC1220 | બજાર વિરૂદ્ધ રાજ્ય, સામાજિક અસમાનતા અને બહિષ્કારનો ખ્યાલ, પૂર્વગ્રહ અને રૂઢીચુસ્તતાની સમજ ધરાવે છે. |
| | SOC1221 | અસમાનતા, અસ્પૃશ્યતાને કાયમી અને આદિજાતિ વ્યવસ્થા, અને આદિજાતિ આધારિત ભેદભાવોના |

# ધોરણ-12 : સમાજશાસ્ત્ર

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| ● ભારતીય બંધારણ અને ભારતીય બંધારણનાં મૂળભૂત મૂલ્યો અંગે વાંચો, ચર્ચા કરો અને તેમનાં વિશે લખો.<br>● બંધારણસભાની ચર્ચાઓ અને બંધારણ, સામાજિક પરિવર્તન અને ન્યાય જેવા વિષયો પર ચર્ચા કરો.<br>● પંચાયતી રાજના વિવિધ સ્રોત અંગે વાંચો અને ગ્રામીણ વિસ્તારોમાં સામાજિક પરિવર્તન સાથે તેના સંબંધને સ્થાપિત કરો.<br>● રાજકીય પક્ષો, દબાણ સમૂહો અને લોકશાહી રાજનીતિની વિભાવનાઓનો પરિચય કેળવો.<br>● ગ્રામીણ સમાજ અંગે વાંચો અને ચર્ચા કરો.<br>● ગ્રામીણ સમાજમાં વિકાસની પ્રક્રિયા, જમીન સુધારણા, હરિત ક્રાંતિ, વૈશ્વિકીકરણ અને ઉદારીકરણ સંબંધિત વિવિધ સ્રોત અંગે અભ્યાસ કરો અને ગ્રામીણ સમાજ પર તેની અસરોનું વિશ્લેષણ કરો.<br>● ઔદ્યોગિકીકરણની પ્રક્રિયાનો પરિચય કેળવો અને ભારતમાં કામની સ્થિતિ અને કામ ઉપર તેની અસરો અંગે ચર્ચા કરો.<br>● વૈશ્વિકીકરણની પ્રક્રિયાની ચર્ચા કરો અને તેની સમાજ, સંદેશાવ્યવહાર, શ્રમ, રોજગાર અને સંસ્કૃતિ પરની અસરો જણાવો.<br>● એકરૂપતા અને વૈશ્વિકીકરણ, જાતિ અને સંસ્કૃતિ, વપરાશ અને કોર્પોરેટ કલ્ચરની વિભાવનાઓ સાથે પરિચય કેળવો.<br>● સમૂહ માધ્યમ અને સંદેશાવ્યવહાર વિશે અભ્યાસ કરો અને ભારતમાં તેની શરૂઆત અંગે ચર્ચા કરો.<br>● પ્રચાર માધ્યમ પર વૈશ્વિકીકરણની અસરો અંગે વાંચો અને તેનું વિશ્લેષણ કરો.<br>● સામાજિક ચળવળોનાં વિવિધ સ્રોત અને સામાજિક ચળવળોનાં સિદ્ધાંતો વિશે અભ્યાસ | | સમાધાન માટે રાજ્યો અને બિનરાજ્યો દ્વારા લવાયેલાં પગલાં જાણે છે.<br>ઉદાહરણ તરીકે - 1955 અસ્પૃશ્યતા નિવારણ અધિનિયમન એક્ટ (કાયદો)ની માહિતી ધરાવે છે. |
| | SOC1222 | અન્ય પછાત વર્ગો (OBC) ની માહિતી ધરાવે છે. ઉદાહરણ તરીકે ગુજરાતમાં અન્ય પછાત વર્ગો. OBC, બક્ષિપંચમાં આવતી જ્ઞાતિઓનું વિશ્લેષણ કરે છે. આદિવાસી સંઘર્ષ મહિલાઓની સમાનતા અને અધિકારો માટે સંઘર્ષ, વિશિષ્ટ જરૂરિયાતોવાળા વર્ગ માટે સંઘર્ષનું વર્ણન કરે છે. ઉદાહરણ તરીકે - સ્ત્રી સશક્તીકરણ માટેના વિવિધ કાર્યક્રમો. |
| | SOC1223 | સાંસ્કૃતિક વિવિધતા સામે રહેલા પડકારો સમજે છે. |
| | SOC1224 | સાંસ્કૃતિક સમુદાયો અને રાષ્ટ્ર, રાજ્ય, સામુદાયિક ઓળખનું મહત્વ, સમુદાયો, રાષ્ટ્ર અને રાષ્ટ્રો અને રાજ્યોની સાંસ્કૃતિક વિવિધતા અને ભારત રાષ્ટ્ર વિશે વિગતવાર વર્ણન કરે છે. |
| | SOC1225 | ભારતીય સંદર્ભમાં પ્રદેશવાદ, રાષ્ટ્ર, રાજ્ય અને ધર્મ, લઘુમતી અધિકારો અને રાષ્ટ્ર નિર્માણ, કોમવાદ, ધર્મ નિરપેક્ષતા અને રાષ્ટ્ર, રાજ્ય અને નાગરિકના ખ્યાલને સમજે છે. |
| | SOC1226 | સંશોધનની વિવિધ પદ્ધતિઓ, સર્વેક્ષણ પદ્ધતિ, મુલાકાત, નિરિક્ષણ પદ્ધતિઓનું વર્ણન કરે છે. |
| | SOC1227 | માળખાકિય પરિવર્તન, સંસ્થાનવાદ, શહેરીકરણ, ઔદ્યોગિકીકરણ, ચાના બગીચા, સ્વતંત્ર ભારતમાં ઔદ્યોગિકીકરણ, સ્વતંત્ર ભારતમાં ઔદ્યોગિકીકરણ, સ્વતંત્ર ભારતમાં શહેરીકરણની માહિતી ધરાવે છે. |
| | SOC1228 | 19 મી અને 20મી સદીમાં આધુનિકીકરણ, પરિવર્તન સામાજિક સુધારા સંબંધિત ચળવળોની માહિતી આપે છે. |
| | SOC1229 | સાંસ્કૃતિક આધુનિકીકરણ, ધર્મનિરપેક્ષીકરણ અને પશ્ચિમીકરણના અભ્યાસ પ્રત્યેનો અભિગમ અને વિવિધ પ્રકારનાં સામાજિક પરિવર્તનને સમજે છે. |
| | SOC1230 | ભારતીય લોકશાહી, ભારતીય બંધારણ ભારતીય લોકશાહીનાં મૂળભૂત મૂલ્યો, ચૂંટાયેલી ધારાસભાની ચર્ચાઓ, બંધારણ અને સામાજિક પરિવર્તન, |

| ધોરણ-12 : સમાજશાસ્ત્ર | | |
|---|---|---|
| **સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા** | **ક્રમ** | **અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes)** |
| | | બંધારણીય જોગવાઈઓ અને સામાજિક ન્યાય અંગે જાણે છે.<br>ઉદાહરણ તરીકે - બંધારણીય રીતે SC, ST, OBC ના સર્વાંગી વિકાસ કાર્યક્રમોની જાણકારી ધરાવે છે. |
| | SOC1231 | ગ્રામીણ સામાજિક પરિવર્તન સામે રહેલા પડકારો અને પંચાયતીરાજ વ્યવસ્થા, પંચાયત પાસે રહેલી સત્તાઓ અને જવાબદારીઓ આદિવાસી વિસ્તારોમાં પંચાયતી રાજના ખ્યાલને સમજે છે.<br>ઉદાહરણ તરીકે ત્રિસ્તરીય પંચાયતીરાજ - નવા નેતૃત્વનો ઉદભવ સમજે છે. |
| | SOC1232 | લોકશાહીકરણ અને અસમાનતા, રાજકીય પક્ષો, દબાણસમૂહો અને લોકશાહી રાજનીતિ, ઉદાહરણ તરીકે લોકશાહીનો અર્થ - દેશના વિવિધ પક્ષોનો ખ્યાલ ધરાવ છે. |
| | SOC1233 | ગ્રામીણ ભારતમાં જ્ઞાતિ અને વર્ગ વ્યવસ્થાનું માળખું, ગ્રામીણ સમાજમાં આવેલ પરિવર્તનો જણાવી શકે છે. |
| | SOC1234 | વિકાસ, જમીન સુધારાની અસર હરિતક્રાંતિ અને સામાજિક પરિમાણો, વૈશ્વિકીકરણ, ઉદારીકરણ અને ગ્રામીણ સમાજનું વર્ણન કરે છે.<br>ઉદાહરણ તરીકે ખેતીક્ષેત્રે આવેલાં પરિવર્તન, હરિત ક્રાંતિ, શ્વેતક્રાંતિનું વિગતે વર્ણન કરે છે. |
| | SOC1235 | સમાજશાસ્ત્ર અને સામાજિક ચળવળો અને સામાજિક ચળવળોના સિદ્ધાંત. સામાજિક ચળવળોના પ્રકારો, સુધારાવાદી વિમોચક, ક્રાંતિકારી જુની - નવી સામાજિક ચળવળો, પર્યાવરણ વિષયક ચળવળોની માહિતી મેળવે છે.<br>ઉદાહરણ તરીકે-2જી ઓક્ટોબર ઈ.સ. 2014 સ્વચ્છતા અભિયાનની માહિતી આપે છે. (સ્વચ્છતા આંદોલન) |
| | SOC1236 | વર્ગ આધારિત ચળવળો - ખેડૂત આંદોલન અને મજૂર આંદોલનોની માહિતી આપે છે.<br>ઉદાહરણ તરીકે ગામમાં જમીનદારો અને ગણોતિયા વચ્ચે થતાં આંદોલનો (ખેડે તેની જમીનના કાયદા માટે થયેલ આંદોલનો) જાતિ આધારીત ચળવળો અને દલિત ચળવળો અને પછાત જાતિની ચળવળોનું વિગતવાર વર્ણન કરે છે. |

| ધોરણ-12 : સમાજશાસ્ત્ર | | |
|---|---|---|
| **સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા** | **ક્રમ** | **અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes)** |
| | | ઉદાહરણ તરીકે ડૉ. બી.આર.આંબેડકર દ્વારા ચલાવેલા આંદોલનો, આદિવાસી ચળવળો |
| | SOC1237 | મહિલા આંદોલનો, ઉદાહરણ તરીકે સ્ત્રીઓના સશક્તીકરણ માટેની ચળવળો અને વિચારસરણી, સ્વાતંત્ર્ય ચળવળ સ્ત્રીમુક્તિના સંદર્ભમાં ભારતમાં ઔદ્યોગિક સમાજ અને ઔદ્યોગિકીકરણમાં આવેલું પરિવર્તન અને વિકાસ, કામની પરિસ્થિતિ, હડતાળો અને યુનિયનો વિશે જાણે છે. |
| | SOC1238 | વૈશ્વિકીકરણ અને સામાજિક પરિવર્તન વૈશ્વિકીકરણના વિવિધ પરિણામો, વૈશ્વિક સંદેશાવ્યવહાર, વૈશ્વિકીકરણ અને કામદાર રોજગાર અને સંસ્કૃતિની સમજ ધરાવે છે. |
| | SOC1239 | સંસ્કૃતિમાં એકરૂપતા વિરૂદ્ધ વૈશ્વિકીકરણ જાતિ અને સંસ્કૃતિ ઉપયોગિતાવાદની સંસ્કૃતિ કોર્પોરેટ કલ્ચરનું વર્ણન કરે છે. |
| | SOC1240 | સમૂહ માધ્યમો અને સંદેશા વ્યવહાર ભારતમાં આધુનિક સમૂહ માધ્યમની શરૂઆત રેડિયો, ટેલીવિઝન, પ્રિન્ટમિડીયા વૈશ્વિકીકરણ અને પ્રચાર માધ્યમ વિશે અવગત થાય છે. |
| | SOC1241 | સામાજિક ચળવળો, સામાજિક ચળવળોની લાક્ષણિકતાઓની સમજ ધરાવે છે. |